| | | |
|---|---|---|
| ચાર્જશીટ આવ્યા તારી | : | ૦૧–૧૦–૨૦૨૨ |
| ચાર્જશીટ દાખલ તારીખ | : | ૦૧–૧૦–૨૦૨૨ |
| નિર્ણય તારીખ | : | ૨૪–૦૭–૨૦૨૩ |
| સમયગાળો | : | ૦૦ – ૦૯ – ૦૬ (વર્ષ/માસ/દિવસ) |

# નવસારીના મે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી. મેજી. સાહેબની અદાલતમાં, જી. નવસારી

**ક્રિ.કેસ.નં. ૬૭૧૭/૨૦૨૨.**

**આંક–૧૫.**

ફરીયાદી : સરકારશ્રી
(મુળ ફરીયાદી : ધર્મિષ્ઠાબેન વા/ઓફ કલ્પેશભાઈ વાઢેળ)

**વિરૂઘ્ધ**

આરોપી : કલ્પેશભાઈ ગોવિંદભાઈ વાઢેળ
ઉ.વ.૨૭, વ્યવસાય : નોકરી,
રહે. ૧૭૮, મુરલીલેક સીટી, પેટ્રોલપંપની સામે,
ઓલપાડ, સુરત.

ગુના તહોમત : ભારતીય ફોજદારી ધારાની કલમો–૪૯૮(ક),૫૦૪,૧૧૪ મુજબનો.

ફરીયાદ પક્ષે : વિઘ્વાન એ.પી.પી.શ્રી જે. યુ. યાદવ
આરોપી તરફે : વિઘ્વાન વકીલશ્રી પી. કે. મહિડા

**:: <u>ચુકાદો</u> ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ સને ૨૦૨૧ થી આજદિન સુધી ફરીયાદીબેન ધર્મિષ્ઠાબેન વા/ઓફ કલ્પેશભાઈ ગોવિંદભાઈ વાઢેળ, ઉ.વ.૨૫, ધંધો–ખાનગી નોકરી, રહે–૮૧, ગુરૂકૃપા સોસાયટી, ગૌરીશંકર મોહલ્લો, તા.જલાલપોર, જી. નવસારીના ઓને શારીરિક–માનસિક ત્રાસ આપી, મહેણા–ટોણા મારી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક), ૫૦૪,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવા મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશન સમક્ષ આપતાં ફરીયાદ અધારે ત.ક. અમલદારશ્રીએ પુરતી તપાસ કરી તપાસના અંતે આરોપી સામે હાલની ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજવણી થતાં વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલા છે અને તેઓને સી.આર.પી.સી. કલમ–૨૦૭ અન્વયે જરૂરી નકલો પુરી પાડવામાં આવેલ છે અને આરોપી સામે આંક–૪ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે. તેમજ આરોપીની આંક–૫ થી જવાબ નોંધતા આરોપીએ તેમની સામેના ગુના તહોમતનો ઈન્કાર કરતાં સદર કેસની કાર્યવાહી વોરંટ ટ્રાયેબલ પોલીસ ચલણ ચાર્જશીટેડ કેસ ચલાવવાની પધ્ધતિ મુજબ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફથી આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**–// મૌખીક પુરાવો //–**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ધર્મિષ્ઠાબેન રાજુભાઈ જાદવની સોગંદ પરની જુબાની. | ૧૧ |

**–// દસ્તાવેજી પુરાવા //–**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | એફ.આઈ.આર. | ૧૨ |
| ૨ | સમાધાન પુરશીશ | ૧૩ |
| ૩ | કલોઝીગ પુરશીશ | ૧૪ |

ત્યારબાદ ફરીયાદપક્ષે વધુ પુરાવો આપવો નથી તે અંગેની કલોઝીગ પુરશીશ આંક–૧૪ થી રજુ થયેલ છે. ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૪) ત્યારબાદ સદર કામ ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ હેઠળ આરોપીનુ વધારાનુ નિવેદન લેવા યોગ્ય કોઈ પુરાવો ન હોઈ આરોપીનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) સદર કામે ફરીયાદપક્ષના કેસની હકીકતો રજુ કરેલા દસ્તાવેજી તેમજ મૌખીક પુરાવાઓ બંને પક્ષે રજુઆત, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

**:: મુદ્દાઓ ::**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સને ૨૦૨૧ થી આજદીન સુધી ફરીયાદીબેનને શારીરિક માનસિક ત્રાસ આપી, મહેણા–ટોણા મારી ઈ.પી.કોડની કલમ–૪૯૮(ક),૫૦૪,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોકત મુદ્દાના નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧. નકારમાં

મુદ્દા નં.૨. આખરી હુકમ મુજબ

**–:: નિર્ણયના કારણો ::–**

(૭) સદર કામે ફરીયાદપક્ષે તરફે પોતાની હકીકત સમર્થનમાં આંક–૧૧ થી ફરીયાદી ધર્મિષ્ઠાબેન રાજુભાઈ જાદવને તપાસેલા છે જેઓ પોતાની જુબાનીમાં એમ જણાવે છે કે, અમો હાલ મારા માતા પિતા સાથે જલાલપોર નવસારી મુકામે રહુ છુ અને ઘરકામ કરી મારુ ગુજરાન ચલાવુ છુ. તા. ૧૮/૦૩/૨૦૨૦ ના રોજ અમોના લગ્ન કલ્પેશભાઈ ગોવિંદભાઈ વાઢેરનાઓ સાથે સમાજના રીત રિવાજ મુજબ અમારા ગામ જરગલી મુકામે થયેલા. લગ્ન બાદ અમો ઘર સંસાર કરવા માટે અમારી સાસરીમાં સંયુકત કુટુંબમાં રહેવા માટે ગયેલા જયાં આગળ અમારી સાથે અમારા સાસરીવાળાઓની ઘરકામ બાબતે સામાન્ય બોલાચાલી થતી હતી અને જેથી અમોએ ઉશ્કેરાટમાં આવી અમારા સાસરીયાઓ વિરૂધ્ધ નવસારી પોલીસમાં ફરીયાદ આપેલી. મને ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહુ છુ કે તેમાં મારી સહી છે જે આ કામે આંક–૧૨ થી રજુ છે. આ કામના આરોપીઓ અમારા સાસરીયા થતા હોય જેથી સારી રીતે ઓળખુ છુ. આજરોજ આરોપી કલ્પેશભાઈ ગોવિંદભાઈનાઓ હાજર છે.

(૮) સદર સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નહી હોઈ ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે અને તેમને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપેલ હોવા છતા ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપતી કોઈ હકીકત જણાવેલ નથી.

(૯) સદર સાહેદની આરોપી તરફેના વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે એ વાત ખરી છે કે મારે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. બીજુ કાંઈ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોય જેથી આ કેસ આગળ ચલાવવા માંગતી નથી કે બીજા કોઈ સાહેદો તપાસવા માંગતી નથી.

(૧૦) આમ સદર સાહેદની જુબાની આધારે જોઈએ તો બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી ઘરકામ બાબતે થતી હોવાની અને તે સીવાય અન્ય કાંઈ બનેલ નહી હોવાનું સદર સાહેદે જણાવેલ છે. આ સંજોગોમાં જયારે ફરીયાદીએ પોતે આરોપીએ ફરીયાદીને શારીરીક માનસીક ત્રાસ આપી ગમે તેમ મહેણા–ટોણા મારેલ હોવા મતલબની હકીકત જણાવે છે પરંતુ કેવા પ્રકારનો શારિરીક અને માનસીક ત્રાસ આપતા હોય અને મહેણા–ટોણામાં કેવા શબ્દો બોલતા હતા તે અંગે ફરીયાદી કોઈ વિગત જણાવતા નથી ત્યારે ફરીયાદીની જુબાનીના આધારે ફરીયાદ પક્ષનો કેસ કોઈ રીતે પુરવાર થતો નથી. ફરીયાદી પોતે હોસ્ટાઈલ જાહેર થયેલા છે અને તે સીવાય અન્ય કોઈ સાહેદોની જુબાની રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં કોઈ સ્વતંત્ર સાહેદોના પણ નિવેદન લેવામાં આવ્યા નથી કે જુબાની લેવામાં આવી નથી. આમ માત્ર ને માત્ર ફરીયાદીના એક માત્ર પુરાવાના આધારે આરોપીઓને કોઈ રીતે તકસીરવાર ઠરાવી શકાય નહીં. વધુમાં આઈપીસી કલમ–૫૦૪ ના આક્ષેપ બાબતે જોઈએ તો આરોપીએ ફરીયાદીને શું મહેણા–ટોણા આપેલ તે અંગેના કોઈ સ્પષ્ટ શબ્દો પણ રેકર્ડ ઉપર આવેલા નથી. વધુમાં ફરીયાદીને આરોપી સાથે સુખદ સમાધાન થયેલાની હકિકત રેકર્ડ ઉપર આવેલ છે ત્યારે ફરિયાદપક્ષ ફરિયાદ મુજબની હકિકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા છે. આમ, રેકર્ડ પર આવેલ ફરિયાદીના પુરાવા પરથી આરોપી સામેનું તહોમત નિઃશંકપણે પુરવાર થતુ નથી. ફરીયાદીના જણાવ્યા મુજબ તેમને આરોપી સાથે માત્ર સામાન્ય બોલાચાલી થયેલ છે. આમ ફરીયાદી સાહેદનો પુરાવો જોતાં હાલના આરોપી સાથેના લગ્નજીવન દરમ્યાન ફરીયાદી બેનને આરોપીએ શારીરીક અને માનસીક ત્રાસ આપી તેમને અપમાનીત કરવાના ઈરાદે મહેણા–ટોણા આપી ગુનો કરેલ હોય તેમ નિઃશંકપણે પુરવાર થતુ નથી.

તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષ તેમનો કેસ શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોઈ મુદ્દા નં. ૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવે છે અને તે આધારે મુદ્દા નં. ૨ નો જવાબ નીચે મુજબનો આખરી હુકમ આપવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આ કામના આરોપી કલ્પેશભાઈ ગોવિંદભાઈ વાઢેળનાઓને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧) અન્વયે તેઓ સામેના ગુના તહોમત ભારતીય ફોજદારી ધારાની કલમ–૪૯૮(ક),૫૦૪,૧૧૪ મુજબના કામે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ અગાઉ આપેલ જામીન અને જાત મુચરકા સદર હુકમ તારીખથી ૬(છ) માસ સુધી ચાલુ રાખવા અને તે પછી રદ ગણવા.

સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪–૦૭–૨૦૨૩
નવસારી

**ભટ્ટ જીજ્ઞેશકુમાર જનાર્દન**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને
એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ
નવસારી, જી. નવસારી
કોડ નં. જીજે૦૦૭૫૦.